# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે માર્ચ/એપ્રિલ-**૨૦૨૨** માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર **પરીક્ષા ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ) અને GUJCET- ૨૦૨૨નું પરિણામ** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારના ૧૦:૦૦ કલાકે ઓનલાઈન જાહેર કરવામાં આવેલ છે. માર્ચ/એપ્રિલ-૨૦૨૨ ના ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને GUJCET ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે તા.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ પહોંચાડવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને GUJCET ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી તા.૨૧/૦૫/૨૦૨૨ **ના રોજ જિલ્લાની વિજ્ઞાનપ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા** ગોઠવવી. રાજ્યની વિજ્ઞાનપ્રવાહની તમામ ઉ.મા.શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ(ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યાર પત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ તા.૨૩/૦૫/૨૦૨૨ સુધીમાં વિદ્યાર્થીઓને પરિણામ વિતરણની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની GUJCET-૨૦૨૨ ની માર્કશીટ ટપાલ(POST) દ્વારા મોકલી આપવામાં આવશે.

જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

(ટી.કે.મહેતા)
નાયબ નિયામક (વિ.પ્ર. પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

તારીખ: - ૧૯/૦૫/૨૦૨૨
સ્થળ: - ગાંધીનગર

1915

Scanned with CamScanner

ક્રમાંક/મઉમશબ/ક/પરિ./વિ.પ્ર./માર્ચ-૨૦૨૨/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર -૧૦ -બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૯/૦૫/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ).

વિષય :- ઉ.મા.પ્ર.પરીક્ષા, માર્ચ-૨૦૨૨, ધોરણ-૧૨, વિજ્ઞાનપ્રવાહ પરીક્ષાની માર્કશીટ/પ્રમાણપત્ર/S.R. તેમજ ગુજકેટ-૨૦૨૨ ની માર્કશીટ અને S.R. ના વિતરણની વ્યવસ્થા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉ.મા.પ્ર.પરીક્ષા, માર્ચ-૨૦૨૨, ધોરણ-૧૨, વિજ્ઞાનપ્રવાહ તેમજ ગુજકેટ-૨૦૨૨ પરીક્ષાનું પરિણામ **તા.૧૨/૦૫/૨૦૨૨**, ગુરૂવારના રોજ પ્રસિદ્ધ થયેલ છે. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની માર્કશીટ/પ્રમાણપત્ર/ S.R. તેમજ ગુજકેટ-૨૦૨૨ ની માર્કશીટ અને S.R. લઈ આપના જિલ્લાની કચેરી ખાતે **તા.૨૦/૦૫/૨૦૨૨ ને શુક્રવારના** રોજ બોર્ડ પ્રતિનિધિ આવનાર છે. તો પરિણામ સ્વીકારી, સલામત સ્થળે ઉતારવા વ્યવસ્થા કરશો. અને **તા.૨૧/૦૫/૨૦૨૨** ના રોજ ૧૦-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમ્યાન આપના જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની નોંધાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વિતરણ કરાવવા અંગે જરૂરી વ્યવસ્થા ગોઠવશો. ઉક્ત તમામ સાહિત્યનું વિતરણ **તા.૨૧/૦૫/૨૦૨૨** ના રોજ જ થઈ જાય તેની કાળજી લેશો. અને શાળાઓને પરિણામ વિતરણ થઈ ગયા બાદ તે અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરીના E-MAIL ID – gsebhscscience@gmail.com પર PDF ફોર્મેટમાં મોકલી આપશો. પ્રમાણપત્રનો નમૂનો આ સાથે સામેલ છે. પરિણામ વિતરણ બાદ વિતરણ ન થયેલ ગુણપત્રકો/પ્રમાણપત્રો જેવું વધારાનું સાહિત્ય દિન ૮ સુધીમાં બોર્ડની કચેરીની વિજ્ઞાન પ્રવાહની "ક" શાખામાં પરત કરવા વિનંતી છે.

(ટી.કે.મહેતા)
નાયબ નિયામક (વિ.પ્ર. પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

e:\kamlesh\viram saheb\parinam vitaran march_2022.docx

Scanned with CamScanner

ક્ર.નં. માધ્ય/૨૦૨૨/૪૫૭૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિ - સુરત.
તા:-૨૯/૦૫/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.
જિ-સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScan